Extra No. 261

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, SEPTEMBER 17, 2025 / BHADRA 26, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-ટંકારા-યુનીટ-૧-૨૦૨૫

ટંકારા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ-૬ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ની, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એક્ટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૬(૩) ના પેટા ખંડ (ગ) મુજબ બેઠકોની કુલ સંખ્યાના ૨૭ ટકા સુધીની મર્યાદામાં બેઠકો પછાત વર્ગ માટે અનામત રાખવાની છે. આ અંગે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩), તા.૨૯/૦૯/૨૦૨૩થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ અંગે વોર્ડની સંખ્યા તથા બેઠકો (અનામત બેઠકો સહિત)ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જાહેરનામાં બહાર પાડવામાં આવેલ છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ KV 395 of 2024/UDUHD/ MISC/ MPMLA/18/2024/1370/M તા.૧૪/૧૧/૨૦૨૪થી મોરબી જિલ્લામાં ટંકારા ગ્રામ પંચાયત અને આર્યનગર ગ્રામ પંચાયતને ભેળવી નવી ટંકારા નગરપાલિકાની રચના કરવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV 68 of 2025/UDUHD/mwd/e-file/18/2024/ 3057/M, તા.૦૫/૦૨/૨૦૨૫થી જેનો હવે પછી જાહેરનામાં તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ટંકારા શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૧૧ ની વસ્તીગણતરીના આંકડાના આધારે ટંકારા નગરપાલિકાને ૬ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૪ બેઠકો નક્કી કરેલ છે. વિભાગે જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૭ ની પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV 68 of 2025/UDUHD/mwd/e-file/18/2024/3057/M, તા.૦૫/૦૨/૨૦૨૫થી અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૧૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૧૧૮૯૫ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૬ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૧૯૮૨ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડ નં.૧ સિવાયની કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૬ વોર્ડોનું નિયમ-૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ (સુધારા)-૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સીલર ચૂંટવાના છે. તેમજ નિયમોના (સુધારા) નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોનાં ઉત્તરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારીત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો-૧૯૯૪ના નિયમ-૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસ્તીની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉત્તરતો ક્રમ નક્કી કરી ઉત્તરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૨. સને ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિધ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૬ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૨	૨૧૬૨	૫૮૨	૨૬.૯૨
૨	૫	૨૧૬૪	૧૩૮	૬.૩૮
૩	૪	૨૧૪૩	૦	૦
૪	૧	૧૬૧૮	૦	૦
૫	૬	૧૯૩૯	૦	૦
૬	૩	૧૮૬૯	૦	૦
કુલ		૧૧૮૯૫	૭૨૦	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૨માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨ માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિની કોઈ બેઠક નિર્ધારીત થયેલ નથી.

સને.૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉત્તરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૫	૨૧૬૪	૮૯	૪.૧૧
૨	૨	૨૧૬૨	૦	૦
૩	૪	૨૧૪૩	૦	૦
૪	૧	૧૬૧૮	૦	૦
૫	૬	૧૯૩૯	૦	૦
૬	૩	૧૮૬૯	૦	૦
કુલ		૧૧૮૯૫	૮૯	

૧૬. જાહેરનામા અન્વયે ૬ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૩ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉત્તરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

૧૭. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૬ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૬ બેઠકો પૈકી ૩ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. ટંકારા નગરપાલિકાના સૂચિત ૬ વોર્ડોની વસ્તી પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૪	૨૧૪૩	૧૩૭૩	૬૪.૦૬
૨	૬	૧૯૩૯	૧૦૨૩	૫૨.૭૬
૩	૧	૧૬૧૮	૮૧૨	૫૦.૧૯
૪	૩	૧૮૬૯	૮૧૦	૪૩.૩૩
૫	૨	૨૧૬૨	૬૧૦	૨૮.૨૧
૬	૫	૨૧૬૪	૨૬૯	૧૨.૪૩
કુલ		૧૧૮૯૫	૪૮૯૭	

૧૮. પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉત્તરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં.૧ થી ૬માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી વોર્ડ નં.૪, ૧ અને ૨ માં પછાતવર્ગની અને વોર્ડ નં.૬, ૩ અને ૫ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. (પરંતુ વોર્ડ નં. ૨માં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવેલ હોઈ વોર્ડ નં.૨ માં પછાતવર્ગ માટે બેઠક ફાળવી શકાય તેમ નથી.) સબબ, વોર્ડ નં.૨માં પછાતવર્ગ સ્ત્રી બેઠક અને વોર્ડ નં. ૫માં પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રત: ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૪	પછાતવર્ગ
૬	પછાતવર્ગ સ્ત્રી
૧	પછાતવર્ગ
૩	પછાતવર્ગ સ્ત્રી
૨	પછાતવર્ગ સ્ત્રી
૫	પછાતવર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રત: તમામ પાસાઓનો અભ્યાસ કરીને ટંકારા નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પુરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ ટંકારા નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૧

(રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-નપા-ટંકારા-યુનીટ-૧-૨૦૨૫, તા.૧૭/૦૯/૨૦૨૫નું બીડાણ)

ટંકારા નગરપાલિકા, જિલ્લો મોરબી

વોર્ડ નં. ૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૬૩/૧	૦	૦	૬૧૭	૧ થી ૧૭૦	રૂપાવટી સોસાયટી, કિશાન નગર સોસાયટી, ગાયત્રી નગર નજીક
	૬૩/૨	૦	૦	૨૭૨	૧૭૧ થી ૨૨૪	ઈંટોના ભઠ્ઠા પાસે, વેડવા દેવીપૂજક વાસ, અમરાપર રોડ
	૫૯/૨	૦	૦	૭૨૯	૧૫૨ થી ૨૮૮	મફતીયા પરા, ગાયત્રી નગર પાસે, મફતિયા પરા ઉગમણા નાકા,
કુલ		૦	૦	૧૬૧૮		

વોર્ડ નં.૧ની હદનું વર્ણન :-

વાયવ્ય ખૂણે સર્વે નંબર ૫૧૫ની ઉત્તર તરફ સર્વે નંબર ૫૧૪થી પૂર્વ તરફ રોડ ઓળંગીને સર્વે નંબર ૪૯૮થી ઉત્તર તરફ સર્વે નં. ૪૯૭, ૪૯૫, ૪૮૩થી લજાઈના સીમાડેથી દક્ષિણ તરફ જતા નગરપાલિકાની હદના સર્વે નં. ૪૮૧, ૪૮૦, ૪૭૪, ૪૭૩, ૪૫૦, ૪૪૬થી પશ્ચિમ તરફ સર્વે નં. ૪૪૪થી દક્ષિણ તરફ સર્વે નં. ૪૪૧, ૩૫૧, ૩૫૦, ૩૪૬, ૩૪૪ થી પશ્ચિમ તરફ જતા સર્વે નં. ૩૨૭, ૩૨૬, ૩૨૧, ૩૨૦, ૩૧૩, ૩૦૯, ૨૯૬, ૨૨૧ થી દક્ષિણ તરફ જતા વેડવા દેવીપૂજક વાસ તથા સર્વે નંબર ૧૦૮, ૧૦૭, ૮૪, ૭૭થી પશ્ચિમ તરફ જતાં સર્વે નંબર ૭૬, ૭૧, ૬૯, ૨૯, ૨૭ થી ઉત્તર તરફ જતા સર્વે નં. ૩૩, ૩૯, ૪૨, ૪૪, ૪૮, ૫૨, ૫૩થી ડેમી નદી ઓળંગીને સર્વે નં. ૧૪૯, ૧૫૫, ૧૭૧, ૧૭૩, ૧૮૨, ૧૯૦, ૧૯૨થી ડેમી નદી ઓળંગીને ઈંટોના ભઠ્ઠા પાસેથી ઉત્તર તરફ જતા ગાયત્રીનગર ગેટથી પશ્ચિમ તરફ જતા દેવીપુજક વાસના ખૂણેથી ઉત્તર તરફ જતા સર્વે નંબર ૬૧૯, ૬૧૮, ૫૮૭, ૫૮૦, ૫૭૮ બાર નાલા પુલને ક્રોસ કરી પશ્ચિમ તરફ જતા સર્વે નં. ૫૧૬ તથા ૫૧૫ની વચ્ચેનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૫૦	૫૮૨	૦	૬૨૭	૧ થી ૧૩૪	ઉગમણા નાકા, કોળીવાસ, ખડીયાવાસ, સિંદીનાકું, ખડીયાવાસ મેઈન રોડ
	૫૧	૦	૦	૫૭૪	૧ થી ૧૩૩	ખડીયાવાસ, લો વાસ, લક્ષ્મીનારાયણ શેરી, બજાર લાઈન, ઘેટીયાવાસ
	૫૪	૦	૦	૬૮૫	૧ થી ૧૫૫	મઠવાળી શેરી, મેમણ શેરી, દેવીપૂજક વાસ
	૫૫/૨	૦	૦	૨૭૬	૧૨૯ થી ૧૬૯	મોરબી નાકે, સંધીવાસ
કુલ		૫૮૨	૦	૨૧૬૨		

વોર્ડ નં.૨ની હદનું વર્ણન :-

ટંકારા શહેરના સંધિવાસના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ હોસ્પિટલ રોડ જતા હબીબભાઈ નૂરમહંમદભાઈ મેસાણીયાના મકાનથી પૂર્વ તરફ જતા મોરબી નાકાગેટથી ઉત્તર તરફ જતા અમરાપર રોડથી પૂર્વ તરફ ગાયત્રી નગરના ગેટથી દક્ષિણ તરફ જતા ડેમી નદીના ખૂણેથી પશ્ચિમ તરફ જતા કોળીવાસ, રાવળવાસના ખૂણેથી ઉત્તર તરફ જતા ઉગમણા નાકા ચોકથી પૂર્વ તરફ જતા લો વાસના ખૂણેથી મેઘાભાઈ ચાવડાના મકાનથી ઉત્તર તરફ જતા ખડીયાવાસ મેઈન રોડથી પશ્ચિમ તરફ જતા ગફાર પાનની દુકાનથી દક્ષિણ તરફ મેઈન બજારમાં જતા ગાંધી પ્રોવિઝન સ્ટોરથી પશ્ચિમ તરફ જતા નગરનાકા રોડથી ઉત્તર તરફ જતા પોલીસ સ્ટેશન પાછળથી સંધિવાસના ખૂણા વચ્ચેનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૪૯	૦	૦	૬૦૯	૧ થી ૨૩૬	દેરીનાકા, ભરવાડવાસ, દેરીનાકા રોડ, હવેલી શેરી, આર્યસમાજ, ભડની શેરી, મેઈન બજાર, અપાશરા શેરી, ઘેટીયા વાસ, રાવળ વાસ
	૫૨	૦	૦	૬૬૭	૧ થી ૧૪૬	ઘેટીયાવાસ, લક્ષ્મીનારાયણ શેરી, ગામઠી શેરી, ગામઠી શાળા વાળી શેરી
	૫૩	૦	૦	૫૯૩	૧ થી ૧૧૫	ત્રણ હાટડી ચોક, લક્ષ્મીનારાયણ શેરી, મકરાણી શેરી
કુલ		૦	૦	૧૮૬૭		

વોર્ડ નં.૩ની હદનું વર્ણન :-

ટંકારા શહેરના ગફારપાનની દુકાનના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ જતા ત્રણ હાટડી વિસ્તાર, વિહોત માતાજીના મઢની સામેથી જુના આર્ય સમાજ તરફ જતા ગામઠી શેરીથી દક્ષિણ તરફ જતા ભુપતભાઈ ગોધાણીના ઘરથી પૂર્વ તરફ જતા ઉગમણા નાકા ચોકથી દક્ષિણ તરફ જતા રાવળ વાસના ઢોરાથી ડેમી નદીના કાંઠેથી પશ્ચિમ તરફ જતા સર્વે નં.૬ થી ઉત્તર તરફ પંચમુખી હનુમાનજી મંદિર વાળા રોડે ઉત્તર તરફ જતા દેરીનાકા મેઈન રોડ ચોકથી ભરવાડ વાસ, રાજબાઈ માના કોઠાથી પૂર્વ તરફ જતા દયાનંદ ચોક નગરપાલિકા કચેરીથી ઉત્તર તરફ મેઈન બજાર રોડ જતા ગફારપાનની દુકાન વચ્ચેનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૫૫/૧	૦	૦	૭૬૪	૧ થી ૧૨૮	મંદિર શેરી, મોચી બજાર, ત્રણ હાટડી શેરી, મસ્જિદની બાજુમાં, મોરબી નાકું, સરકારી દવાખાનું, સંધીવાસ, નગર નાકા
	૬૦/૧	૦	૦	૬૫૫	૧ થી ૧૭૫	ઠક્કરબાપા વસાહત, જેટકો કોલોની, મામલતદાર ક્વાર્ટર, પોલીસ ક્વાર્ટર, ઝમઝમ નગર, યોગેશ્વર નગર, જેટકો પાછળ કલ્યાણપર રોડ
	૫૯/૧	૦	૦	૭૨૪	૧ થી ૧૫૧	પી.ડબલ્યુ.ડી. વિસ્તાર, પી.ડબલ્યુ.ડી. પાછળ, તિલકનગર, અમરાપર રોડ, ઉગમણા નાકા બહાર
કુલ		૦	૦	૨૧૪૩		

વોર્ડ નં.૪ની હદનું વર્ણન :-

ટંકારા શહેરના સર્વે નંબર ૬૬૬ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ જતા સર્વે નંબર ૬૬૫, ૬૬૩, ૬૫૯, ૬૫૮, ૬૫૧ થી ઉત્તર તરફ જતા સર્વે નંબર ૬૪૦, ૬૩૮, ૬૩૭ થી પૂર્વ તરફ જતા સર્વે નંબર ૬૩૩, ૬૨૯, ૬૨૬, ૬૨૩, ૬૨૨ થી આગળ જતા ઠક્કર બાપા વસાહતથી દક્ષિણ તરફ જતા અમરાપર રોડ ઓળંગીને મોરબી નાકાથી પશ્ચિમ તરફ હોસ્પિટલ રોડે જતા સંધીનાકાના ખૂણેથી દક્ષિણ તરફ નગરનાકા રોડથી પશ્ચિમ તરફ જતા પોલીસ સ્ટેશન મોરબી-રાજકોટ સ્ટેટ હાઈવે ઓળંગીને ઓરપેટ કન્યા વિદ્યાલયથી દક્ષિણ તરફ જતા ઝમઝમ નગરના ખૂણાથી પશ્ચિમ તરફ જતા સર્વે નંબર ૭૩૦, ૭૦૦, ૬૯૯, ૭૦૧, ૭૦૨ થી પૂર્વ તરફ જતા સર્વે નં. ૭૦૩, ૭૦૪ થી ઉત્તર તરફ આગળ જતા સર્વે નં. ૬૩૧ થી પશ્ચિમ તરફ જતા સર્વે નં. ૬૩૨, ૬૪૬, ૬૪૭, ૬૪૭, ૬૫૨, ૬૫૭, ૬૮૦, ૬૭૮, ૬૭૬, ૬૭૫ થી ઉત્તર તરફ જતા સર્વે નંબર ૬૭૨, ૬૫૯, ૬૬૮, ૬૬૬ વચ્ચેનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૬૧	૦	૦	૫૮૫	૧ થી ૧૪૨	લક્ષ્મીનારાયણ નગર સોસાયટી, સરદાર સ્કૂલ સામે, વાંઝાવાસની બાજુમાં
	૬૨	૦	૮૯	૫૪૨	૧ થી ૧૩૭	લક્ષ્મીનારાયણ નગર
	૮૫	૧૩૮	૦	૪૭૪	૨૬ થી ૧૦૦	આર્યનગર, અયોધ્યાપૂરી, હરિઓમ નગર, સરદારનગર
	૬૦/૨	૦	૦	૫૬૩	૧૩૧ થી ૨૫૭	વૈભવનગર, પટેલનગર, એમ.ડી.કો.ઓ. સોસાયટી
કુલ		૧૩૮	૮૯	૨૧૬૪		

વોર્ડ નં.૫ની હદનું વર્ણન :-

ટંકારા શહેરના સર્વે નંબર 685ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ જતા સર્વ નં.૬૮૯, ૬૯૩, ૬૯૫, ૬૯૬, ૬૯૮, ૭૦૬, ૭૦૭, ૭૨૮, ૭૨૯, ૭૩૧ થી ઉત્તર તરફ વૈભવનગરથી ઓરપેટ કન્યા વિદ્યાલય રોડથી પૂર્વ તરફ જતા સર્વે નંબર ૭૩૫ થી દક્ષિણ તરફ રાજકોટ મોરબી હાઈવે, લતીપર ચોકડી રોડ ઓળગીને સર્વે નંબર ૧૦૪, ૧૦૩, ૧૦૨, ૧૦૧ થી પશ્ચિમ તરફ સર્વે નંબર ૧૦૦ થી દક્ષિણ તરફ જતા સર્વે નંબર ૯૮ થી પશ્ચિમ તરફ સર્વે નં. ૯૭, ૯૬ થી ઉત્તર તરફ સર્વે નંબર ૧૧૭, ૧૧૬ થી પૂર્વ તરફ સરદાર નગરના ખૂણેથી ઉત્તર તરફ સર્વે નંબર ૧૦૩ના નૈઋત્ય ખૂણેથી પશ્ચિમ તરફ જતા સર્વે નં.૧૧૨ના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ સર્વે નં. ૧૧૦, ૧૦૯, ૧૦૮ થી લતીપર રોડ ઓળંગીને પશ્ચિમ તરફ જતા સર્વે નંબર ૭૧૭, ૭૧૪, ૬૧૨, ૬૯૧ થી ઉત્તર તરફ જતા સર્વે નંબર ૬૮૭, ૬૮૬ અને ૬૮૫ સુધી સમાવિષ્ટ અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૫૬	૦	૦	૫૧૫	૧ થી ૨૧૧	મેઈન બજાર, મોચી બજાર, નગરનાકા મેઈન રોડ, જીવાપરા શેરી, રાધાકૃષ્ણ શેરી
	૫૭	૦	૦	૭૩૪	૧ થી ૧૭૧	ભાટીયા શેરી, જીવાપરા શેરી, મુમના શેરી, નગરનાકા રોડ, મેઈન બજાર, તારબાવાનો તકિયો
	૫૮	૦	૦	૬૯૦	૧ થી ૨૫૧	ખત્રીશેરી, મેઈન બજાર, દયાનંદ ચોક, મેઈન રોડ, ગોકુળ નગર, ૧૦૦ ચો.વા. વિસ્તાર, પંચમુખી હનુમાનજી પાછળ, રાજકોટ મોરબી હાઈવે
કુલ		૦	૦	૧૯૩૯		

વોર્ડ નં.૬ની હદનું વર્ણન :-

ટંકારા શહેરના સાનિયા પાન પાર્લરના વાયવ્ય ખુણેથી પૂર્વ તરફ નગરનાકા રોડ જતા લાલસા પીરની દરગાહ, ગાંધી રેડીયોની દુકાનથી દક્ષિણ તરફ મેઈન બજાર રોડ જતા દયાનંદ ચોક જી.આર.ડી પોઈન્ટથી પશ્ચિમ તરફ જતા આર.ડી.સી બેંકથી દક્ષિણ તરફ દેરીનાકા ચોક આંગણવાડીથી રોડ ક્રોસ કરી આર્ય સમાજ ગૌશાળા તરફ જતા સર્વે નં. ૯ પૈકી ૨, ૧૫, ૧૬ થી આર્ય વિદ્યાલયથી ઉત્તર તરફ જતા સર્વે નં.૨૪ના દક્ષિણ ખૂણાથી પશ્ચિમ તરફ રાજકોટ-મોરબી હાઈવે રોડ ક્રોસ કરી સર્વ નં.૨૩ થી ઉત્તર તરફ જતા સર્વે નં.૧૯ થી પૂર્વ તરફ રાજકોટ મોરબી રોડ ઓળંગીને ઉત્તર તરફ જતા સર્વે નં.૧૮, ૧૪, ૧૨, ૧૦, ૭ થી એમ.પી દોશી સ્કૂલ, ગોકુળ નગર, વાઘજીભાઈ બોડા ગેટથી નગર નાકા રોડના ખૂણે સાનિયા પાન પાર્લર વચ્ચેનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

આર. જી. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગ

ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર

(રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-નપા-ટંકારા-યુનીટ-૧-૨૦૨૫, તા.૧૭/૦૯/૨૦૨૫નું બીડાણ)

ટંકારા નગરપાલિકાની સને-૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૧૧૮૯૫	
કુલ વોર્ડની સંખ્યા	૬	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૧૯૮૨	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ : ૨૧૮૦
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૧૭૮૪
બેઠકોની સંખ્યા	૨૪	
કુલ સ્ત્રી બેઠકો	૧૨	(અ.જાતિ, અનુ.આદિજાતિ અને પછાતવર્ગની સ્ત્રી માટે બેઠકો સહિત)
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી અનુસૂચિત જાતિ સ્ત્રી બેઠક ફાળવેલ નથી
અનુ. આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	-
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૬	તે પૈકી ૩ બેઠકો પછાતવર્ગ સ્ત્રી
કુલ અનામત બેઠકો	૧૬	
સામાન્ય બેઠકો	૮	

અ.નં	**વોર્ડ નંબર**	**વોર્ડની વસ્તી**	**પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત**	**બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત**	**ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત**	**ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત**
૧	૧	૧૬૧૮	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૨૧૬૨	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૩	૩	૧૮૬૯	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૨૧૪૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૨૧૬૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૧૯૩૯	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	**૧૧૮૯૫**				

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.25 15:41:19 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar